## ફો.પ.અ. નં. ૧૦૦/૨૦૨૬ના કામે આંક– ૧ લગત હુકમ

(૧) અરજી તથા ફરિયાદ સહીતના રેકર્ડ ઉપરના તમામ દસ્તાવેજો, વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.ધા.શ્રી ને સાંભળ્યા તથા ફરિયાદપક્ષ તરફે સ્પે. એ.પી.પી.શ્રીનો પોકાર કરાવતા હાજર નથી.

(૨) આ કામના આરોપી વિરુધ્ધ ૬૫ (એ) (ઈ ) ,૮૧,૮૩, ૯૮(૨),૧૧૬(સી) અન્વયેના આક્ષેપયુકત ગુન્હા કર્યા અન્વયેની ફરીયાદ છે. આ કામે આરોપી સહ આરોપીની મદદગારીમાં અલગ અલગ બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ –૨૩૫૨, કિ. રૂા. ૫,૫૪,૦૬૪ /– નો ગેરકાયદેસર વગર પાસ પરમીટ હેરફેર કરવામાં સંડાવાયેલ છે.

(૩) આરોપી–અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રીઓ ની રજુઆત છે કે, આરોપીઓના નામ આ કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવેલ છે આરોપીઓ નિર્દોષ છે અને આરોપીઓ વિરુધ્ધ ભુતકાળમાં આવા કોઈ કેસો થયેલા નથી તેમજ આરોપી સ્થાનિક રહેવાસી છે કયાંય નાસી–ભાગી જાય તેવા નથી. આરોપીના પત્ની ગર્ભવતી છે. તેમના ઉપર કુંટુંબ નિભાવવાની જવાબદારી છે. ઘરમાં કમાનાર કોઈ સભ્ય નથી. જેથી આરોપીની પત્નીની હાલત ધ્યાને લેતા આરોપીને યોગ્ય તે શરતોને આધીન જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ તબક્કે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ –૪૮૦ લક્ષમાં લેવામા આવે તો બીન–જામીનલાયક ગુન્હામાં આરોપીને જામીન મુકત કરવા કે કેમ તે અંગે અત્રેની અદાલતને વિવેકબુધ્ધીની સત્તા છે, જામીન અરજીનો નિર્ણય કરવા અંગેના વિવિધ ચુકાદાઓમાં જણાવેલ ગાઈડ લાઈન જોવામાં આવે તો, જામીન અરજીનો નિર્ણય કરતી વખતે મુખ્યત્વે આરોપીઓ જામીન મુકત થયા બાદ ફરીયાદપક્ષના સાહેદોને ટેમ્પરવીથ કરશે કે કેમ, તેમજ ટ્રાયલ વખતે આરોપીઓની હાજરી ઉપલબ્ધ રહેશે કે કેમ, તે ઉપરાંત ગુન્હાની ગંભીરતા, ગુન્હામાં આરોપીની સંડોવણી

તેમજ સમાજ અને રાજયનુ હીત ઘ્યાને રાખી નિર્ણય લેવો જોઈએ. તેમજ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ડીટેઈલમાં કારણો આપવા જરુરી નથી. અને નીચેની અદાલતોએ હકુમત હોય તો ડર વીના જામીન અરજીનો નિર્ણય કરવો જોઈએ કે જેથી બીન જરુરી રીતે અપીલ કોર્ટનુ ભારણ વધે નહિ. જો ટ્રાયલ વખતે આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તેમ હોય તો સામાન્ય રીતે આરોપીને જેલમાં નહિ મોકલતા જામીન મુકત કરવા જોઈએ.

(૫) ઉપરોકત વિગેતે આરોપી પક્ષે રજુ થયેલ લેખીત–મૌખિક રજુઆતો સાથે આરોપી સામે નોંધાયેલ આક્ષેપીત ગુન્હા બદલ સજા અંગની જોગવાઈ ઘ્યાને લેતાં આરોપી સામે આક્ષેપીત ગુન્હા બદલ મહતમ ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે. આરોપી પાસ ેથી કોઈ મુદામાલ કબજે લેવાઈ નથી. આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ થઈ ગયેલ છે. જેથી હવે કોઈ તપાસ બાકી રહેતી નથી. આારોપી કોઈ સાહેદોને કે પુરાવાને ટેમ્પરવીથ કરેશે તેની શકયતા રહેતી નથી. ચાર્જશીટ વંચાણે લેતા આરોપી પાસેથી કોઈ મુદામાલ મળી આવેલ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ **અનીલ ઉર્ફે ડાબલી મનસુખભાઈ બારીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદો ઘ્યાને લ ેતા તેમાં નામદાર કોટે ઠરાવેલ છે કે જો આરોપીના કોન્સીયસ પઝેશનમાંથી દારૂ મળી આવેલ ન હોય તો આરોપીને જામીન મુકત કરવા જોઈએ. હાલના કામમાં પણ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી દારૂ મળી આવેલ નથીઈ જે સંજોગોમાં આરોપીને જામીન મુકત કરવા યોગ્ય જણાઈ આવે છે.

(૬) આરોપી યુવાન વયના હોય અને કુંટુંબના નિભાવની જવાબદારી તેમના શીરે છે, તેઓની પત્ની ગર્ભવતી છે. આરોપી તરફે થયેલ રજુઆતો મુજબ ઈન્સાફી કાર્યવાહી સમયે આરોપીની હાજરી અવશ્ય મળી રહેશે તેવું જણાય આવે છે. આરોપી પાસેથી મળી આવેલ જથ્થો તેમજ ગુનાની ગંભીરતા ઘ્યાને લેતા તેમજ ફરીયાદ હકીકત વંચાણે લેતાં હાલનાં આરોપી સદર ગુન્હામાં સંડોવાયેલો છે કે કેમ ? તે પુરાવાનો વિષય છે. કેસ ચાલતાં સમય જાય તેમ હોય તેવા સંજોગોમાં ગુન્હા અંગેની સજા તથા જામીન અંગની જોગવાઈઓ અને જામીન અંગના માર્ગદર્શક સિઘ્ધાંતો ઘ્યાને લ ેતાં આરોપીને લાંબો સમય જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવા ન્યાયોચિત જણાતું ન હોય. કેસનાં તમામ સંજોગો લક્ષમાં લેતા

ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

- આરોપીની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે. આરોપીએ રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યે થી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો :-**

૧)આરોપીએ કેસના ટ્રાયલ સમયે સમયસર હાજર રહેવું.

૨)આરોપીએ તથા જામીનદારે તેમના મોબાઈલ નંબર જામીન આપતા સમયે જાહેર કરવું.અને કેસની ટ્રાયલ ચાલે ત્યાં સુધી બદલવું નહી.

૩) આરોપી તથા જામીનદારે પોતાનું કાયમી રહેઠાણનું સરનામું આધારપુરાવા જામીન સમયે રજુ કરવા. અને કોર્ટની પરવાનગી વગર બદલવા નહીં.

૪) આરોપીએ કેસ પુર્ણ થતા સુધી ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

તપાસ કરનાર અમલદારને હુકમની જાણ અલગ યાદીથી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૩/૨૦૨૬
મુકામ: સાવલી

જ્યુ. મેજી. મેજી.ફ.ક.સાવલી
જજ કોડ નં.૦૧૫૮૩